# સુરત મહાનગરપાલિકા
## જાહેર નોટીસ

**ખજોદ અર્બન ડેવેલોપમેન્ટ ઓથોરીટી (ખુડા) દ્વારા વિકાસ નકશા –૨૦૩૯માં સુચિત કરેલ ૯૦.૦૦ મીટર પહોળાઈના ડી.પી. રસ્તાને ધ્યાને લઈ તથા મીંઢોળા નદી પરના આભવા –ઉભરાટને જોડતા સુચિત બ્રીજના એપ્રોચ માટે મોજે આભવા તથા મોજે ખજોદ વિસ્તારમાં સમાવિષ્ટ હયાત રસ્તા પર ૯૦.૦૦ મીટર પહોળાઈની લાઈનદોરી પ્રિસ્ક્રાઈબ કરવા બાબત.**

---

આથી ધી જી.પી.એમ.સી. એકટ ૧૯૪૯ની કલમ – ૨૧૦(૧)(બ) મુજબ જાહેર જનતાને જણાવવાનું કે, ખજોદ અર્બન ડેવેલોપમેન્ટ ઓથોરીટી (ખુડા) દ્વારા વિકાસ નકશા –૨૦૩૯માં સુચિત કરેલ ૯૦.૦૦ મીટર પહોળાઈના ડી.પી. રસ્તાને ધ્યાને લઈ તથા મીંઢોળા નદી પરના આભવા –ઉભરાટને જોડતા સુચિત બ્રીજના એપ્રોચ માટે તથા ભવિષ્યમાં ઉદ્દભવતા ટ્રાફિકના ભારણને પહોંચી વળવા સારૂ આભવા તરફે ડ્રા.ટી.પી. સ્કીમ નં ૨૬ (આભવા)માં સમાવિષ્ટ ટી.પી. રસ્તાને ૯૦.૦ મીટર પહોળાઈનો કરવા તેની પૂર્વે મોજે ખજોદના નોન ટી.પી. વિસ્તારમાં બ્લોક નં.૬૯/બ થી બ્લોક નં.૭૩ સુધી તથા તેની દક્ષિણે મોજે : આભવા તથા મોજે : ખજોદ ગામની હદ પર સ્થિત હયાત રસ્તાને ૯૦.૦૦ મીટર પહોળાઈનો કરવા મોજે : આભવાના નોન ટી.પી. વિસ્તારમાં બ્લોક નં ૪૭૬ થી ૪૮૧/૧ અને મોજે : ખજોદના નોન ટી.પી. વિસ્તારમાં બ્લોક નં ૧૦૫ થી ૧૧૫ માંથી પસાર થતા હયાત રસ્તાની પૂર્વ– પશ્ચિમ બંન્ને તરફેથી જી.પી.એમ.સી. એકટ–૧૯૪૯ ની કલમ– ૨૧૦ (૧)(બ) હેઠળ ૯૦.૦૦ મીટર પહોળાઈની રસ્તારેખા મુકવાનો સુરત મહાનગરપાલિકા ઈરાદો ધરાવે છે.

આ સુચિત રસ્તારેખાથી નીચે જણાવેલ મિલ્કતોને અસર થાય છે.

મોજે : આભવાના બ્લોક નં.૪૭૬/પૈકી, ૪૭૭/પૈકી, ૪૭૯/પૈકી, ૪૮૧/૧/પૈકી, તથા મોજે: ખજોદના બ્લોક નં.૬૯/બ/પૈકી, ૭૦/પૈકી, ૭૧/પૈકી, ૭૩/પૈકી, ૭૪/અ/પૈકી, ,૧૦૫/પૈકી, ૧૦૬/પૈકી, ૧૧૨/પૈકી, ૧૧૩/પૈકી,૧૧૪/પૈકી, ૧૧૫/પૈકી.

આ નોટીસથી સુરત મહાનગરપાલિકાની હદ વિસ્તારમાં વસતા તમામ શખ્સો તથા ઉપરોકત લાઈનદોરીની અસર પામતી મિલ્કતોના હકક/હિતસંબધ ધરાવનારા તમામ શખ્સોને જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત દરખાસ્ત અંગે જેઓને વાંધો હોય, તેઓએ તેમના લેખિત વાંધા/સુચનો/રજુઆત આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી એક માસની મુદતમાં સુરત મહાનગરપાલિકાને મોકલી આપવા.


ઉપરોકત દરખાસ્ત મુજબ સુચિત લાઈનદોરી દર્શાવતા નકશાની નકલ સુરત મહાનગરપાલિકાના ટાઉન પ્લાનીંગ વિભાગ, બહુમાળી બિલ્ડીંગની પાછળ, નાનપુરા, સુરત ખાતે નોટીસ બોર્ડ ઉપર જાહેર જનતાની જાણ તથા જોવા માટે, પ્રદર્શિત કરવામાં આવેલ છે. જે રજાના દિવસો સિવાય ઓફિસ સમયમાં જાહેરાતની મુદત દરમ્યાન જોઈ શકાશે. સદર નકશો સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ www.suratmunicipal.gov.in પર News/Pressrelease ના સેકશન પર જોઈ શકાશે.

9/6/2023

**કમિશ્નર**
**સુરત મહાનગરપાલિકા**

પી.આર.ઓ. નં
મહાનગરપાલિકાની કચેરી,
સુરત, તા.

PROPOSED 90.00MT. WIDE ROAD ALIGNMENT ON MOJE: KHAJOD BLOCK NO:-69-B TO 115 AND MOJE: ABHVA BLOCK NO-476 TO 481-1 U/S 210 (1) (B) OF B.P.M.C. ACT. 1949




LEGEND:-

- T.P.SCHEME BOUNDARY
- VILLAGE BOUNDARY
- T.P.ROAD
- PROPOSED ALIGNMENT
- EXISTING ROAD
- CANAL
- H.T.LINE
- BLOCK BOUNDARY

| NORTH | SURAT MUNICIPAL CORPORATION<br>TOWN PLANNING DEPARTMENT | |
|---|---|---|
| SCALE: 1CM.=20M. | APPROCH ROAD AT SURAT END FOR PROPOSE ABHVA UBHRAT BRIDGE | |
| DRG.NO: | PROPOSED 90.00MT. WIDE ROAD ALIGNMENT ON MOJE: KHAJOD BLOCK NO: 69-B TO 115 AND MOJE: ABHVA BLOCK NO-476 TO 481-1 U/S 210 (1) (B) OF B.P.M.C. ACT. 1949 | |
| DATE: | | |
| D'MAN. | DY. TOWN PLANNER | DY.MUNI.COMMISSIONER. |
| H.D'MAN. | | |
| ASST ENGINEER | I.C TOWN PLANNER | COMMISSIONER |